# F3 ૩.૧.૧. જીવનું સ્વરૂપ અને સમજ.

આ સંપૂર્ણ જગતમાં બે જ તત્ત્વો દેખાય છે: એક જીવ અને બીજું જડ. જીવ માટે પ્રાણી, ચેતન, વગેરે પર્યાયવાચી શબ્દો વપરાયા છે. જે જીવે છે, તે જીવ, જે ચેતના (જ્ઞાનાદિ) ને ધારણ કરે તે ચેતન અને જે પ્રાણોને ધારણ કરે તે પ્રાણી કહેવાય છે.

તો આત્મા અને જીવ વચ્ચે શો તફાવત? એ પ્રશ્ન આપણને થતો હોય છે. તેના જવાબમાં કહેવાયું છેકે કર્મના આવરણથીયુક્ત આત્મા, જીવ કહેવાય છે અને સર્વ કર્મથી મુક્ત જીવ, આત્મા(શિવ) કહેવાય છે.

## જીવ

જે દ્રવ્યને વિશે ચેતના રહેલી હોય તે પણ જીવ દ્રવ્ય કહેવાય છે. આ જીવ રૂપ, રસ, ગંધ, શબ્દ અને સ્પર્શ વગરનો છે. તેમજ આકાર વગરનો પણ કહ્યો છે. તથા જે જીવતો હતો જીવે છે અને જીવશે તેવું કહી શકાય તે પણ જીવ કહેવાય છે.

અન્ય ધર્મોમાં આ જીવ માટે અનેક પર્યાયવાચી શબ્દો વપરાયા છે. સંસારી, હંસલો, આત્મા, પુરૂષ, નજમ, રૂહ, સૌલ, નેતિ નેતિ આદિ નામોથી પણ ઓળખાય છે.

શુભ કે અશુભ કર્મનો કરનાર તે કર્તા.
સત્ય કે અસત્ય બોલે માટે તે વક્તા.
દસ પ્રાણોને ધારણ કરે તે પ્રાણી.
પુણ્ય અને પાપને ભોગવે તે ભોક્તા.
ચારે ગતિમાં સંસરણ કરે તે સંસારી.
ક્ષીર નીરનો વિવેક રાખે તે હંસલો.
પોતાના સ્વરૂપમાં જે રહે તે આત્મા. વગેરે કોઈ એક વ્યાખ્યામાં આ જીવ પૂરાતો નથી.

## જીવનું સ્વરૂપ

જીવ એ આત્માનું નકલી-વિકૃત સ્વરૂપ છે. સંસારની ચારેય ગતિમાં જીવ જે પરિભ્રમણ કરી રહ્યો છે, તે કર્મ-ક્રિયાને આભારી છે. અનાદિ કાળથી આત્મા કર્મયુક્ત જ હતો. તેના પૂર્વભવોની આદિ અવસ્થા અતિ સૂક્ષ્મ હતી તે પહેલા કર્મ મુક્ત હતો અને પછી કર્મ યુક્ત થયો એવું કયારેય બન્યું જ નથી.

જે આત્મા કર્મથી મુક્ત બની શકયા નથી તેઓ સંસારમાં રખડે છે. કર્મ કયારેક દુ:ખી બનાવે તો ક્યારેક સુખી કે પાપી પણ બનાવે. જ્યાં સુધી શરીરી રહે છે, ત્યાં સુધી જન્મ-જીવન-મૃત્યુની ઘટમાળાથી મુક્ત બનતા નથી. આ જીવનું આ રીતનું સ્વરૂપ છે. આમ શરીર સહિતના આત્માની વાત કરવાની થાય ત્યારે તે 'જીવ' શબ્દ તરીકે વપરાય છે. પરંતુ મોક્ષમાં પહોંચી ગયેલ કે શરીરથી જુદા , શરીર વિનાના જીવની વાત કરવામાં આવે ત્યારે તે. 'આત્મા' શબ્દ તરીકે વપરાય છે.

આ સંસારમાં એક પરમાત્મા અને બીજો જીવાત્મા, એક પૂર્ણ વિકસિત અને બીજો અલ્પ વિકસિત, એક નિરાવરણ અને બીજો સાવરણ, એક મુક્ત બીજો બદ્ધ, એક વિદેહી બીજો સદેહી, એક અકર્મી બીજો સકર્મી, એક અક્રિય બીજો સક્રિય, એક અજરામર બીજો જન્મજરાથી યુક્ત આવા જે બન્ને વચ્ચે અંતરો છે તે જમીન-આકાશ જેટલા છે. તો આત્માનું સ્વરૂપ અને સમજ સાચી સમજીને સ્વીકારવી એ જરૂરી છે.

## આત્માનું સ્વરૂપ

અસલમાં આત્મા શિવ સ્વરૂપ જ છે. કર્મ–રાગ–દ્વેષ–મોહ–અજ્ઞાન–પ્રમાદ–વિષય–કષાય વગરે દોષોથી મુક્ત જ છે. તે જ્ઞાન જ્યોત સ્વરૂપ છે. તે આત્માની દિવ્ય જ્યોત, અજર–અમર છે. અજન્મા છે, તે છેદાતી – ભેદાતી નથી. તેને કોઈ દબાવી શકતું નથી કે ડરાવી શકતું નથી. જ્ઞાનાદિ આઠ અનંત ગુણોથી સહજ સ્વરૂપે એ વિલસે છે. જેમ આ દિવ્ય જ્યોતના પ્રકાશની ઉપર કાણા (હોલ)વાળું છાબડું ઢાંકી દે પછી આવરણ રૂપ આખું છાબડું ઉઠાવી લે તો તે સંપૂર્ણ પણે પ્રકાશે તેવી રીતે જ આત્માનો જ્ઞાન પ્રકાશ હાલ પ્રકાશે છે.

## આત્મા સ્વભાવ

આ આત્માના સ્વભાવ ત્રણ પ્રકારે છે.

૧) ભવ્ય, ૨) અભવ્ય અને ૩) જાતિભવ્ય.

jainuniversity.org

ભવ્ય જીવો : જે જીવો ભવ્ય જીવો હોય તે જ મોક્ષે જઈ શકે છે. જેને જીવનું અસલ સ્વરૂપ સમજાય પછી સ્વતઃ મનમાં શંકા થાય કે હું ભવ્ય હોઈશ કે અભવ્ય? તે શંકાવાળા જીવ ભવ્ય કહ્યા છે.

અભવ્ય જીવો : અભવ્ય જીવો હોય તે મોક્ષે જઈ શકતા નથી. તે અંતરથી મોક્ષને માનતા જ નથી કે સમ્યક્ત્વ ને પામતા જ નથી. તે સાધુ થાય, સૂરિપદવી પામે અરે મહાન શાસનપ્રભાવક બને અને અનેક જીવોને મોક્ષમાર્ગે ચડાવે પણ ખરા, પરંતુ પોતે બિલકુલ શ્રદ્ધા વિનાના જ હોય છે તે અભવ્ય .

જાતિ ભવ્ય : જીવો મોક્ષ જવાની યોગ્યતાવાળા કહેવાય ખરા પણ ક્યારેય મોક્ષ સામગ્રી પામવાના જ નથી તે એકેન્દ્રિયવાળા ભવથી આગળ વધવાના જ નથી તથા પ્રકારની તેની સ્વભાવસત્તા, તે જાતિ ભવ્ય કહેવાય છે. આમ જીવનનું સ્વરૂપ સંસારી આત્મા તરીકે સમજી લેવાયું છે. અને આત્માનું સ્વરૂપ, મોક્ષે પહોંચી ગયા જે સિદ્ધભગવંતો છે તેનું સમજવાનું છે.

सर्व ज्ञानाय भवतु

# F3 ૩.૧.૨. જીવના મુખ્ય લક્ષણો.

એક વાત આપણે સમજી ચૂક્યા છીએ કે કર્મ (ક્રિયા) યુક્ત અવસ્થાવાળાને જીવ કહેવાય છે. અને કર્મ મુક્ત અવસ્થાવાળાને આત્મા કહેવાય છે.

જે વધે છે, ઘટે છે, હરે છે, ફરે છે, જે સંકોચાય છે, વિસ્તાર પામે છે, જે કામ કરે છે, આરામ કરે છે, અંગસંકોચે છે, અંગવિસ્તારે છે, તાપ-ભૂખ-ભય વગેરેથી દુ:ખ પામે છે, દૂર થાય છે ઈત્યાદિ લક્ષણો જેનામાં છે તેને જીવ કહેવાય છે. અને જ્યાં સુધી શરીર સાથે જોડાયેલ છે ત્યારે જ આ બધા લક્ષણો જીવમાં જોવા મળે છે. પરંતુ આ બધા લક્ષણો બાહ્ય છે.

જીવનું કહેતા મૂળભૂત આત્માનું લક્ષણ ચેતના છે. જૈન દર્શનકારો એ સર્વત્ર, આત્માને ચૈતન્ય સ્વરૂપ જ કહ્યો છે. આ ચૈતન્ય સ્વરૂપ એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ એ જીવના મુખ્ય લક્ષણો બતાવ્યાં છે.

જ્ઞાન એટલે આત્મા સદા ત્રિકાળ જ્ઞાન સ્વરૂપ જ છે, તેને પેદા કરવું નથી પડતું પણ આવરણ હટાવવાનીજ પ્રક્રિયા હોય છે.

દર્શન એટલે પદાર્થના સામાન્ય અને વિશેષ એમ બન્ને ગુણધર્મોમાં તેના સ્વરૂપને સ્વત: સમજી લે તે દર્શન.

ચારિત્ર એટલે આત્મ સ્વભાવમાં રમણતા કરવી તે ચારિત્ર.

તપ એટલે અનાત્મ ભાવો ને દૂર કરવા કે વિભાવ દશાને દૂર કરવામાં જે સહાય કરે તે તપ.

વીર્ય એટલે શક્તિ, ઊર્જા. આત્મ શક્તિનું સહજ પ્રગટવું તે વીર્ય.

ઉપયોગ એટલે કોઈપણ સમયે વિના પ્રયોગે પદાર્થોમાં વિચારોનું અવતરણ તે ઉપયોગ.

આ જ્ઞાનાદિ લક્ષણો ૫-૯-૫-૧૨-૫ અને ૧૨ પેટા ભેદ અનુક્રમે રહેલાં છે. કુલ ૪૮ ભેદોમાંથી કોઈને કોઈ યથા યોગ્ય સ્વરૂપે જીવમાં લક્ષણ હાજર હોય જ છે. નહિંતર જીવ અજીવ પણાને પામી જાય આમ આત્મા પોતાના મૂળભૂત અને મૌલિક ચૈતન્યને, અખંડ અને અક્ષત રાખીને જુદી-જુદી પર્યાય અવસ્થામાં તેનું પરિવર્તન કર્યા કરે છે. જેમ કે સોનું અને તેના આભૂષણો. સૂર્વણ મૂળ સ્વરૂપે તેનું તે જ હોવા છતાં વીંટી-હાર-વગેરે તેમાંથી બને છે. ઘાટ બદલાય છે. સ્વરૂપ બદલાય છે પરંતુ સુવર્ણ તેનું તે જ રહે તેમ જીવ પોતાના મૂળભૂત જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે લક્ષણો ગમે તે ગતિ કે ભવમાં જાય તો પણ યથાયોગ્ય સ્વરૂપ બદલે છે પણ લક્ષણો બદલતું નથી.

આત્મા સ્વયં શુભ કે અશુભ કર્મ કરે છે અને તેના સારા-નરસા-વિપાક-ફળ પણ આત્માને જ ભોગવવા પડે છે: અને આત્મા માટે સમયનો કોઈ આરંભ નથી કે અંત નથી અનાદિ અનંત છે, તથા આત્મા અવિનાશી-અજર-અમર-અક્ષય છે તેના મૂળ સ્વરૂપનો ક્યારેય જગતના કોઈ પણ શસ્રથી કે શક્તિથી જીવ એ જડરૂપે પરિણામ પામતો નથી. જીવ-જીવસ્વરૂપે જ રહે છે જડના લક્ષણો ક્યારેય જીવમાં પરિવર્તન પામતાં નથી એ મોટું અને મુખ્ય લક્ષણ છે.

# F3 ૩.૧.૩. જીવના મુખ્ય પ્રકારો.

આ વિશ્વમાં હજારો પ્રકારે વિવિધ કક્ષાના જીવો જોવા મળે છે. કેટલાક સંપૂર્ણ વિકસિત છે. કેટલાક અર્ધ વિકસિત છે અને કેટલાક અવિકસિત જીવો છે. આમતો જૈન દર્શન મુખ્ય બે જ ભેદ બતાવે છે. એક કર્મ મુક્ત(મોક્ષ)થયેલા અને બીજા કર્મયુક્ત (સંસારી) આત્મા. તેમા જે બિલકુલ અવિકસિત જીવો છે. તે સ્થાવર જીવો છે. જેઓ પોતાની ઈચ્છા મુજબ હલન-ચલન ન કરી શકે તથા સુખ-દુ:ખનું પ્રગટ સંવેદન ન હોય તેવા પૃથ્વી, પાણી, અગ્નિ વાયુ અને વનસ્પતિના જીવો આ બધા અવિકસિત (સ્થાવર) જીવો કહેવાય છે. અર્ધ વિકસિત જીવો તરીકે ત્રસ જીવોને ગણાવાય છે. જેઓ પોતાની ઈચ્છામુજબ આવન-જાવન કરી શકે છે, સુખ-દુ:ખની અનુભૂતિ કરી કરતાં હોય છે. તે બધાં બે ઈન્દ્રિય-તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો જે ક્રમિક બલવત્તર હોય છે. અને વિકાસની દિશામાં આગળ હોય છે. પરંતુ જે સંપૂર્ણ વિકસિત કહેવાય તે માત્ર સંજ્ઞી પંચેન્દ્રિય જીવો કે જેઓ સમ્યગ્ જ્ઞાન, દર્શન-ચારિત્ર વગેરે લક્ષણો પોતાના જીવનમાં પ્રગટપણે દેખાય છે. અને જીવન સાધનાથી ધર્મ (આત્મ) સાધનામાં આગળ વધવા પૂર્ણ પ્રયત્નશીલ છે.

હવે સ્થાવર જીવો અને ત્રસ જીવોની વ્યાખ્યા સમજીએ:

સ્થાવર જીવો પાંચ પ્રકારના છે. એ પાંચેય પ્રકારના જીવોને માત્ર એક સ્પર્શ-ઈન્દ્રિય હોવાથી તેને એકેન્દ્રિય જીવો પણ કહે છે.

૧.પૃથ્વીકાય : પત્થર, ધાતુ, સુરમાં, પરવાળા વગેરે માટીના જીવો.
૨.અપ્‌કાય : ધુમ્મસ,ઝાકળ, વગેરે દરેક જાતના પાણીના જીવો.
૩.તેઉકાય : તણખા, અંગારા, જવાળા, વીજળી, દાવાનળ વગેરે અગ્નિના જીવો.
૪.વાયુકાય : પવન, વાવાઝોડું, વંટોળિયો વગેરે દરેક જાતના વાયુના જીવો.
૫. વનસ્પતિકાય : લીલોતરી, ફળ-ફૂલ, વૃક્ષ વગેરે દરેક જાતની વનસ્પતિના જીવો.

વનસ્પતિકાયના જીવો બે પ્રકારના છે:

સાધારણ વનસ્પતિકાય :

જેમાં શરીર એક હોય પરંતુ તેમાં અસંખ્ય અને અનંત જીવો રહેતા હોય. દા.ત. બટાકા-કાંદા વગેરે કંદમૂળ, લીલ-ફૂગ, ગળો વગેરે આ દરેકને અનંતકાય પણ કહેવામાં આવે છે.

પ્રત્યેક વનસ્પતિકાય :

એક જ શરીરીમાં એક જ જીવ હોય, વૃક્ષમાં, મૂળમાં, થડમાં, છાલમાં, ફૂલમાં, ફળમાં, પાંદડામાં, બીજમાં આમ દરેકમા જુદો જુદો જીવ હોય.

## ત્રસ જીવો

બેઈન્દ્રિય જીવો : સ્પર્શ (ત્વચા) અને રસના (જીભ) એમ બે ઈન્દ્રિયવાળા જીવો. જેમ કે શંખ, કોડા, કરમિયા, વાસી અનાજના જીવો, પોરાં, લાકડાંનાં કીડા, અળસિયા વગેરે.

તેઈન્દ્રિય જીવો : સ્પર્શ, રસના અને ઘ્રાણ (નાક) આ ત્રણ ઈન્દ્રિયોવાળા જીવો માંકડ, જુ, લીખ, ઉધઈ, કીડી, મંકોડા, ઈયળ, કાનખજૂરા વગેરે.

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવત

ચઉરિન્દ્રિય જીવો : સ્પર્શ, રસના ઘ્રાણા, ચક્ષુ–આ ચાર ઈન્દ્રિયોવાળા જીવો, જેમકે વીછી, ભમરો–ભમરી, તીડ, માખી, ડાંસ, મચ્છર, કંસારી, કરોળિયા વગેરે.

પંચેન્દ્રિય જીવો : સ્પર્શ, રસના, ઘ્રાણા,ચક્ષુ અને શ્રવણ (કાન) આ પાંચ ઈન્દ્રિવાળા જીવો જેમકે

૧.નારકી (સાત નરકના જીવો)

૨.તિર્યંચ (જલચર, સ્થળચર, ખેચર વગેરે પ્રાણીઓ)

૩.દેવ (વિવિધ દેવલોકના દેવો)

૪.મનુષ્ય (માણસ તરીકે જીવતા જીવો)

આ પંચેન્દ્રિય જીવો મનવાળા અને મન વગરના એમ બે પ્રકારના હોય છે. મન એટલે ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળ સંબંધી વિચારણા કરવાની ક્ષમતા આવે છે, જેના દ્વારા શબ્દ, રૂપ આદિ વિષયોને ગ્રહણ કરવામાં આવે છે, તેને મન કહે છે. જેમને આવું મન હોય છે, તેને ‘સમનસ્ક’ અથવા ‘સંજ્ઞી’ જીવો કહે છે. અને જેમને મન નથી તેમને ‘અમનસ્ક’ અથવા ‘અસંજ્ઞી’ કહે છે.

નારકી, દેવતા, ગર્ભોત્પન્ન તિર્યંચ અને ગર્ભોત્પન્ન મનુષ્ય – આ બધાં સમનસ્ક–સંજ્ઞી પંચેન્દ્રિય જીવો છે. આ સિવાયના સંમૂર્ચ્છિમ તિર્યંચ અને સંમૂર્ચ્છિમ મનુષ્ય અમનસ્ક–અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો છે.

જુદી જુદી વિવક્ષાઓથી મહાપુરૂષોએ વ્યવહારરાશિ– અવ્યવહારરાશિ, ભવ્ય–અભવ્ય, સૂક્ષ્મ–બાદર, પર્યાપ્તા–અપર્યાપ્તા, ગર્ભજ–સમૂર્ચ્છિમ, સ્થાવર–ત્રસ વગેરે અનેક ભેદે જીવોના પ્રકાર પાડેલા છે. સમવાયાંગ સૂત્રમાં ૪૨ (બેંતાલીશ) પ્રકાર સુધી વર્ણન આપેલ છે અને ત્યાર બાદ જીવના ૫૬૩ (પાંચસો ત્રેસઠ) પ્રકારે પણ એના ભેદો પડતા હોય છે.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

# F3 ૩.૧.૪. જીવ વિજ્ઞાન અને વનસ્પતિ શાસ્ત્ર.

સૂક્ષ્મ દૃષ્ટિ ધરાવતા જૈન ધર્મમાં જેમ જગતની સર્વ વસ્તુઓ-જડ પદાર્થોનું વિશદ વર્ણન કરવામાં આવ્યું છે, તેમ જીવ જગતનું પણ સૂક્ષ્મતાથી વર્ણન કરવામાં આવ્યું છે.

છાંદોગ્યો ઉપનિષદમાં ઉદ્દાલિક ઋષિએ વૃક્ષમા જીવ છે તેવુ શ્વેતકેતુંને સંબોધન કર્યું હતું પણ પશ્ચિમના વૈજ્ઞાનિકો આ વાતને સ્વીકારવા તૈયાર ન હતા. પરંતુ બંગાળના સુપ્રસિદ્ધ ચિંતક શ્રી જગદીશચંદ્રબોઝે જ્યારે પ્રયોગોથી સાબિત કર્યું કે પ્રત્યેક ઝાડ પાનમાં પણ જીવ છે. તે હસે છે, રડે છે, ભૂખ તરસ લાગે છે, વગેરે ઓછાવત્તા પ્રમાણમાં ચારે સંજ્ઞાઓ હોય છે. ત્યારે જીવત્વનો સ્વીકાર કર્યો અને હવે તો આધુનિક અધ્યતન સૂક્ષ્મતા માપવાના યંત્રોથી આ વાત પૂર્ણ પણે સ્વીકારઈ છે, કે એ જીવોના સુખ - દુ:ખના સ્પંદનો રેકોર્ડ કર્યા છે. તેની માત્રા માપી છે અને ભૂખ તૃષાની પણ નોંધ લેવાઈ છે અને તેવા વનસ્પતિ જીવોને પાણી સિંચયા બાદ સૂખની અનુભૂતિની પેટર્ન પણ નોંધાઇ છે.

ભગવાન મહાવીરના સમયમાં અન્ય ધર્મના દાર્શનિકો એવું માનતા હતા કે પાણી, પાણીના મૂળભૂત પરમાણુઓથી બને છે. પીવા, ધોવા, સાફ કરવાના કામમાં આવે છે. પરંતુ પ્રભુ મહાવીરે એક પણ જાતના પરીક્ષણ વિના કહ્યું કે પાણી એ વાયુ માંથી બને છે. જે $H_2O$ ના સમીકરણથી વિજ્ઞાને હવે બતાવ્યું છે. બે ભાગ હાઈડ્રોજનવાયુ અને એક ભાગ ઓક્સિજન વાયુમાંથી પાણી બને છે. એક પાણીના ટીપામાં ૩૬૪૫૦ હાલતા ચાલતા જીવોનું ફોટો ચિત્ર આજના વૈજ્ઞાનિકોએ બહાર પાડેલ છે.

જૈન ધર્મ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં પણ જીવ છે, એવું કહેનાર એક માત્ર ધર્મ છે. અમેરિકન 'ટાઈમ' મેગેઝીનમાં The earth that grows નામનો લેખ આવેલો હતો તેમાં જણાવ્યું હતુ કે ડુંગરના અંદરના ઢેફાંનુ વારંવાર પાણી પીવડાવવાથી તે દિન-પ્રતિદિન મોટું થતું જણાયું છે. અગ્નિ સ્વયં એક જીવ છે. જે ચકમકના બે પથ્થર ઘસવાથી ઉત્પન્ન થાય છે કે બે અરણી કાષ્ઠ (લાકડુ) ઘસવાથી કે અથડાવવાથી તે ઉત્પન્ન થાય છે. અને ઘી-વાયુ વગેરેથી મોટો થતો જાય છે. ઉત્તર ગુજરાત સાબરકાંઠાના એક ગામના ઘરની પૃથ્વીમાંથી પથ્થરો ઉગીને નીકળ્યાં કરતા હતા. તે પૃથ્વીને લોકોએ વારંવાર કાપવી પડે છે. અને સમયાંતરે ફરી ઊગ્યાં કરે છે.

આ પૃથ્વી-પાણી-અગ્નિ વાયુને પોતપોતાના ચોક્કસ આકાર-ભવ (જન્મ-મરણ)ની સંખ્યા ભેદ (પ્રકાર), ઈન્દ્રિય અને વિશિષ્ટ લક્ષણોની નોંધો જૈન ધર્મ બતાવે છે.

ઉપરના પાંચ સ્થાવર જીવો તરીકે ઓળખાય છે. પરંતુ વનસ્પતિના જીવો બે પ્રકારના કહ્યા છે: સાધારણ વનસ્પતિકાય અને પ્રત્યેક વનસ્પતિકાય

કેટલાક વનસ્પતિના જીવો એવા છે કે પોતાના એક જ શરીરમાં અનંત આત્માઓ જન્મ-મરણ કરતા હોય છે. આવા અનંત આત્માઓનું એક જ શરીર તે સાધારણ વનસ્પતિકાય કહેવાય છે. એને અનંતકાય પણ કહેવાય છે. તથા દરેક આત્માનું દરેક શરીર જુદું હોય એટલે કે થડ, છાલ, પાન, ફળ, ફૂલ, બીજ વગેરેમાં પોતપોતાનો સ્વતંત્ર જીવ હોય તેને પ્રત્યેક વનસ્પતિકાય જીવ કહેવામાં આવે છે. દા.ત. ફળ તોડાય ત્યારે મૂળ થડનો જીવ ફળમાંથી હરી જઈને ડાળીમાં ખેંચાઈ જાય અને તોડેલા ફળનો સમગ્ર જીવ અકબંધ રહે પછી જતાં એની અંદર રહેલા ગોટલી કે બીજને દૂર કરતાં તે નિર્જીવ થઈ જાય છે. બીજી એક વાત દરેક વનસ્પતિ જમીનમાંથી ફૂટે ત્યારે અનંતકાય હોય છે, પણ તે વનસ્પતિ પ્રત્યેક જાતિની હોય તો તે પ્રત્યેક વનસ્પતિકાય કહેવાય છે. અને કેટલાક એવા પણ વનસ્પતિના જીવો છે કે તેના મૂળ સાધારણ હોય અને બાકીનો ઉપરનો ભાગ પ્રત્યેક હોય છે.

વનસ્પતિના શરીરની રચના, સ્વભાવ, ઉત્પત્તિ, નાશ, ઉપયોગિતા, અવયવોની વિચિત્રતા લાક્ષણિકતા વગેરે પશુ-પક્ષીકે માનવની કેટલીક બાબતોમાં સમાનતા બતાવે છે. તે ઘણીજ આશ્ચર્યકારક લાગે તેવી જાણ વૈજ્ઞાનિકો પણ બતાવતા રહે છે. અને આફ્રિકાના કેટલાક જંગલોમાં આવાં વિચિત્ર વૃક્ષો છે. આહાર-ભય-મૈથુન-પરિગ્રહ (ભેગુંકરી રાખવાની વૃત્તિ) ની સંજ્ઞા તેઓમાં પણ પ્રબળ પણે જોવા-જાણવા મળે છે.